# આસપાસ ચોપાસ

# ગામની ભાગોળમાં મંદિર અને દરગાહનો ધાર્મિક માહોલ ઢળતી સંધ્યાના સમયમાં દહેમીના ગ્રામજનો માટે આત્મીયતા કેળવે છે











દહેમી ગામમાં વિવિધ વિસ્તારોમાં મંદિર મસ્જીદ ચર્ચ સહિત ઘણા બધા ધર્મસંસ્થાઓ અને સ્થળો આવેલા છે. આ દરેક સ્થળોએ પરંપરાગત રીતે ધર્મની પ્રણાલી મુજબ દરેક તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. મુસ્લિમ સમુદાય દ્વારા ઉર્સ, મહોરમ સહિતના તહેવારો ઉજવાય છે. તો હિન્દુ સમુદાય દ્વારા નવરાત્રી, હોળી, ધુળેટી, જન્માષ્ટમી, રામનવમી સહિતના તહેવારો પણ કોમી એખલાસ સાથે ઉજવવામાં આવે છે. દહેમી ગામની આથમણી દિશાએ આવેલ ભાગોળ પર બેનમુન દરગાહ આવેલ છે . જ્યાં ગામના વિવિધ જ્ઞાતિના લોકો માથુ ટેકવા આવે છે. લોક માન્યતા મુજબ અહીં માંગો તે મુરાદ પુરી થાય છે. દહેમી ગામની ભાગોળમાં ઢળતી સંધ્યાનો સમય એટલે જાણે સૌ માટે આત્મીયતા ખીલી ઉઠે છે. એક તરફ આ સુદર દરગાહ છે તો બીજી તરફ આસ્થા સ્થાનક મહાદેવ મંદિર અને યોગેશ્વર ભગવાનનુ મંદિર છે. સાંજના સમયે મંદિરમા થતી આરતીની ઝાલરોના રણકાર અને બીજી તરફ દરગાહ પર ચઢાવવામા આવતાં ગુલાબ અને લોબાનની ખુશ્બુ અહીંના વાતાવરણને ખુબ જ આધ્યાત્મિક બનાવી દે છે. ગામની વિશેષ બાબતમાં એકતા અને સમરસતા છે. ગામના દેવસ્થાનોમાં શ્રી મહાદેવજી, શ્રી રામજી મંદિર, શ્રી સ્વામીનારાયણના મંદિર, આઈ શ્રી ખોડિયાર મંદિર, શ્રી વેરાઈ માતાનુ શિખરબંધી મંદિર, શ્રી ભાથીજી મહારાજ મંદિર, રામદેવપીર મંદિર છે.

# શ્રી રાધાકૃષ્ણ વિધામંદિર પર્યાવરણની સુરક્ષા માટે નવા સીમાચિહ્ન સાથે પ્લાસ્ટિક મુક્ત સંકુલ બન્યું છે



પર્યાવરણ સંરક્ષણ અને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ ફેલાવવાના ઉમદા હેતુ સાથે શ્રી રાધાકૃષ્ણ વિધામંદિર, દહેમી સંપૂર્ણપણે પ્લાસ્ટિક મુક્ત સંકુલ બન્યું છે. શાળા દ્વારા લેવાયેલા આ ક્રાંતિકારી પગલાને કારણે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સમગ્ર ગ્રામજનોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. છેલ્લા કેટલાક સમયથી શાળાના પ્રિન્સિપાલ, શિક્ષકો અને વિદ્યાર્થીઓએ સાથે મળીને પ્લાસ્ટિકના ઉપયોગથી થતી પર્યાવરણીય અસરો વિશે જાગૃતિ અભિયાન ચલાવ્યું હતું. આ અભિયાન અંતર્ગત પ્લાસ્ટિકના નિકાલ, તેનાથી થતું પ્રદૂષણ અને તેના વિકલ્પો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. શાળાના કેમ્પસમાં પ્લાસ્ટિકની બોટલો, પ્લાસ્ટિકના રેપર્સ અને અન્ય પ્લાસ્ટિકની વસ્તુઓનો ઉપયોગ ટાળવા માટે સૌને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાઆ પહેલના ભાગરૂપે, શાળામાં પાણીની બોટલો, ટિફિન બોક્સ અને અન્ય જરૂરી વસ્તુઓ માટે પ્લાસ્ટિકના બદલે સ્ટીલ, કાચ કે ફરીથી વાપરી શકાય તેવી સામગ્રીનો ઉપયોગ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. કેમ્પસમાં કચરાના યોગ્ય નિકાલ માટે અલગ-અલગ ડસ્ટબિન મૂકવામાં આવ્યા છે અને વિદ્યાર્થીઓને કચરાનું વર્ગીકરણ કરવાનું પણ શીખવવામાં આવે છે.

શ્રી રાધાકૃષ્ણ વિદ્યામંદિરના આચાર્ય નિરજકુમાર અને સૌ શિક્ષક મિત્રોએ જણાવ્યું હતું કે, અમે અમારા વિદ્યાર્થીઓને માત્ર શૈક્ષણિક જ્ઞાન જ નહીં, પરંતુ પર્યાવરણ પ્રત્યેની જવાબદારી પણ શીખવવા માંગીએ છીએ. પ્લાસ્ટિક મુક્ત સંકુલ બનાવવાનો અમારો પ્રયાસ એ દિશામાં એક નાનું પણ મહત્ત્વનું પગલું છે. અમને આશા છે કે આ પહેલ અન્ય શાળાઓ અને સંસ્થાઓને પણ પર્યાવરણ સુરક્ષા માટે પ્રેરણા આપશે.” આ પહેલને કારણે શાળા પરિસરમાં સ્વચ્છતામાં નોંધપાત્ર સુધારો થયો છે અને વિદ્યાર્થીઓમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ પણ વધી છે. શ્રી રાધાકૃષ્ણ વિદ્યામંદિરનું આ પગલું પર્યાવરણ સંરક્ષણની દિશામાં એક પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડે છે. શાળામાં હાલ સ્માર્ટ બોર્ડ દ્વારા વિષય નિષ્ણાત શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ કેળવણી આપવામાં આવે છે. વિદ્યાર્થીઓનુ શ્રેષ્ઠ ઘડતર કરવામાં આવી રહ્યું છે. રાધાકૃષ્ણ વિદ્યામંદિરમાં હાલ 95 કન્યા અને 117 કુમાર એમ કુલ 212 અભ્યાસ કરી રહ્યા છે. શ્રી રાધાકૃષ્ણ વિદ્યામંદિરનું સંચાલન શ્રી દહેમી હિતવર્ધક મંડળ દ્વારા કરવામાં આવી રહ્યું છે. સંસ્થાના પ્રમુખ તરીકે હાલમાં દિનેશભાઇ પી. પટેલ અને મંત્રી તરીકે જશભાઈ પી. પટેલ જવાબદારી સંભાળી રહેલ છે.




# વાર્ષિક 4 કરોડ કરતા વધુ દુધ ખરીદીનું ટર્નઓવર ધરાવતી દહેમી દૂધ મંડળી

## સહકારી સંસ્થા દહેમી દુધ મંડળી છેલ્લા 72 વર્ષથી પશુપાલકો માટે આર્થિક આત્મનિર્ભરતાનું કેન્દ્ર રહ્યુ છે

બોરસદ તાલુકાના દહેમી ગામે પશુપાલકો અને ખેડૂતોની આર્થિક પરિસ્થિતિની સદ્ધરતા પામવા માટે આવકનો મુખ્ય સ્ત્રોત દુધાળા પશુઓ છે. દુધાળા પશુઓનું દુધ દુધ ઉત્પાદક સહકારી મંડળીમાં સવાર- સાંજ બંને સમયે જમા કરાવીને દહેમી ગામના લોકો પોતાનું ભરણપોષણ અને સામાજીક પ્રસંગોનું આયોજન પરીપૂર્ણ કરે છે. સાથે સાથે પોતાના બાળકો માટે શૈક્ષણિક જરૂરીયાતો પણ સંતોષવા માટે દુધ મંડળીની મળતી આવક પર નિર્ભર રહે છે. દુધ મંડળીના અહેવાલ મુજબ દહેમી દુધ મંડળીની સ્થાપના ના રોજ કરવામાં આવી હતી. મંડળીના ચેરમેન જીગ્નેશકુમાર કિરીટભાઈ પટેલ અધ્યક્ષ સ્થાને યોજાયેલ સાધારણ સભામાં વર્તમાન વર્ષે નક્કી થયા મુજબ દુધ મંડળીના સભાસદોને બોનસ વિતરણ કરવાનું નક્કી કરાયું છે. જેની ફાળવણી વ્યવસ્થાપક કમિટી દ્વારા પેટા કાયદા મુજબ કરેલ છે. દહેમી દુધ મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં પાંચ વર્ષની સમય મર્યાદા માટે 11 સભ્યો વહીવટી કામકાજ સંભાળી રહેલ છે. જેમાં ચેરમેન જીગ્નેશકુમાર કિરીટભાઈ પટેલ, વાઈસ ચેરમેન તરીકે ઉદેસિંહ અભેસિંહ રાઠોડ કાર્યરત છે. જ્યારે વ્યવસ્થાપક કમિટીના સભ્યો તરીકે ગોહેલ પ્રવિણભાઈ રાવજીભાઈ, વિજયકુમાર ગુણવંતસિંહ રાઠોડ, ગણપતભાઈ કાંતિભાઈ મકવાણા, રમેશભાઈ મગનભાઈ પટેલ, સોનલબેન જયદીપસિંહ રાઠોડ, નટુભાઈ શનાભાઈ ગોહેલ, મંજુલાબેન ભારતભાઈ ગોહેલ, ડાહ્યાભાઈ બબુભાઈ ગોહેલ અને તુષારભાઈ શનાભાઈ ગોહેલ ચુંટાઈ આવેલ છે.

# દાતાઓની દિલેરી માટે જાણીતા દહેમી ગામમાં દરેક સમાજે સખાવત કરીને સમાજવાડી, પ્રવેશદ્વાર, વારીગૃહ નિર્માણ કર્યું છે







આણંદ જિલ્લામાં બોરસદ તાલુકાના દહેમી નામ સાંભળીને સૌને આશ્ચર્ય અનુભવાય તેવુ અજબ ગામનું સર્જન દેશમાં વિવિધ શહેરોમાં અને વિદેશની ભૂમિ પર સ્થાયી થયેલ દાતાઓ દ્વારા કરવામાં આવ્યું છે. ભેટાસી ગામના દરેક સમાજના લોકોએ નોંધપાત્ર સંખ્યામાં વિદેશમાં પોતિકા વ્યવસાય નોકરી ધંધામાં પગદંડો જમાવી દીધો છે. દેશ વિદેશમાં વસવાટ માટે સ્થાયી થયેલા દહેમી ગામના મૂળ વતનીઓ મોટાભાગે અમેરીકા કેનેડા આફ્રિકા અને વગેરે દેશોમાં બબ્બે પેઢીથી પહોંચી ગયા હોવાનું જાણવા મળે છે. વર્તમાન સમયમાં પણ દહેમીના લોકો વિદેશની વાટે નિકળી જ જાય છે. સાવ સામાન્ય જણાઈ આવે તેવું દહેમી ગામ હાલમાં દાતાઓની સખાવત અને વતન પ્રેમની લાગણીઓથી છલોછલ બનેલું છે. ગામમાં દરેક દરેક ધર્મ સ્થાન, જાહેર સ્થળો, સમાજ વાડી, પ્રવેશ દ્વાર વગેરે ભેટાસી તળપદના વતનપ્રેમની સાક્ષી પૂરે છે.દહેમી ગામમાં દેવમંદિર , શિક્ષણ સુવિધા માટે માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાનું નિર્માણ તેમજ શાળામાં પૂરક જરૂરીયાતો તેમજ બાળકોને મદદરૂપ થાય તેવી ચીજવસ્તુઓ વગેરે માટે વિવિધ દાતાઓ તરફથી સમયાંતરે સખાવતોની સરવાણી વહેતી કરવામાં આવી છે.

## ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામમા પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે

ગ્રામ પંચાયત દહેમીના શાસન હેઠળ ગામમાં સમયાંતરે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓનો લાભ મેળવવામાં આવે છે. ગામમાં આર્થિક સમૃદ્ધિ નહીવત પ્રમાણમાં હોવાથી માત્ર સરકારી ગ્રાન્ટની ફાળવણી આધારે જ જરૂરી વિકાસ કામોના લાભ માટે સરકાર પર જ નિર્ભર રહેવું પડે છે. જોકે છેલ્લા બે દાયકાથી દહેમી ગામમાં ચુંટાયેલા લોકપ્રતિનિધિઓની જાગૃતતાને પગલે ગામના કેટલાક વિસ્તારોમાં આરસીસી રોડ, પગદંડી રસ્તાઓ અને ખુલ્લા ચોગાનમાં બ્લોક વગેરે સુવિધાઓ ઉપલબ્ધ થયેલ છે. ગામમાં પાણીની સુવિધા માટે વોટર વર્કસ કાર્યરત છે. ગામના લોકો સ્વચ્છતા જાળવવા માટે ખૂબ ધ્યાન આપે છે. દહેમી ગ્રામ પંચાયતના સરપંચ તરીકે મીનાબેન સહીદખાન રાઠોડ અને ઉપસરપંચ તરીકે રમેશભાઈ મણીભાઈ તળપદા જવાબદારી સંભાળી રહ્યા છે. જ્યારે ગ્રામ પંચાયતના સદસ્ય તરીકે સલમાબેન ફતેસિંહ રાઠોડ, હરેશભાઇ નિરંજનભાઇ સુથાર, સોનલબેન જીગ્નેશભાઇ પટેલ, ચંદ્રીકાબેન મહેશભાઈ ગોહેલ, કંચનલાલ બેચરદાસ સોનારા, ગણપતસિંહ શીવસિંહ રાઠોડ, ઝરીનાબેન બચુભાઈ રાઠોડ અને નિરૂબેન ભરતભાઈ રાઠોડ ચુંટાઈ આવેલ છે.



(માહિતી સંકલન : ભરતસિંહ સોલંકી)